**(૫૫)**

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. ઉભઓકાલં **ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ દુપ્પડિલેહણાએ અપ્પમજ્જણાએ** દુપ્પમ઼જ્જણાએ

૨. વંતેસુ વા **પિત્તેસુ વા પૂએસુ વા સોણિએસુ વા** સુક્કેસુ વા

૩. લોગુત્તમાણં **લોગનાહાણં લોગહિયાણં લોગ પઈવાણં લોગ પજ્જોયગરાણં** અભય દયાણં

૪. સંસુદ્ધં **સલ્લકત્તણં સિદ્ધિ મગ્ગં મુત્તિ મગ્ગં નિજ્જાણ મગ્ગં** નિવ્વાણ મગ્ગં

૫. સંજય **વિરય પડિહય પચ્ચકખાય પાવકમ્મો** અનિયાણો

૬. છીએ **જંભાઈએ આમોસે સસરક્ખામોસે આઉલમાઉલાએ** સોવણવત્તિયાએ

૭. સરીરં **ઈઠ્ઠં કંતં પિયં મણુન્નં** મણામં

૮. તિહિં ગુત્તીહિં **મણ ગુત્તીએ વય ગુત્તીએ કાય ગુત્તીએ પડિક્કમામિ** તિહિં સલ્લેહિં

૯. મંડી પાહુડિયાએ **બલિ પાહુડિયાએ ઠવણા પાહુડિયાએ સંકિએ સહસાગારે** અણેસણાએ

૧૦. ત્રસ જીવ **બેઈંદિય તેઈંદિય ચઉરિંદિય પંચેંદિય** જીવ જાણી

૧૧. **દ્વેષ કલહ અભ્યાખ્યાન પૈશુન્ય પર પરિવાદ** રઈ–અરઈ

૧૨. સાંશયિક મિથ્યાત્વ **અણાભોગ મિથ્યાત્વ લૌકિક મિથ્યાત્વ લોકોત્તર મિથ્યાત્વ કુપ્રાવચન મિથ્યાત્વ** જીવને

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૧૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. કંદપ્પે | **વિષય વિકાર વધે તેવા વચનો બોલવા** |
| ૨. અકરણિજ્જો | **અકરણીય – નહિ કરવા યોગ્ય** |
| ૩. ચિંતવનાર્થે | **ચિંતન કરવાને માટે** |
| ૪. મંગલં | **આપ મંગલરૂપ છો** |
| ૫. ખમાસમણાણં | **ક્ષમાવંત સાધુજીઓની** |
| ૬. ઘોસહીણં | **શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય** |
| ૭. સઈઅંતરદ્ધાએ | **સંદેહ પડ્યા છતા આગળ વધાયું હોય** |
| ૮. જીવ દયાણં | **સંયમરૂપી જીવનના દેનારા** |
| ૯. સાવગ ધમ્મસ્સ | **શ્રાવકધર્મની** |
| ૧૦. પરલોગા સંસપ્પઓગે | **પરલોકના સુખની ઈચ્છા કરે કે મરીને મોટો મહર્દ્ધિક દેવ બનું** |
| ૧૧. સમાણે | **મળ્યેથી** |
| ૧૨. વઈક્કમં | **અપરાધ થયો હોય** |

**(ગ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૧૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સર્વ ધર્મનું ઉલ્લંઘન કરનારી | **સવ્વ ધમ્માઈક્કમણાએ** |
| ૨. સમ્યક્દર્શનન વિષે | **દંસણે** |
| ૩. ધર્મની આદિ કરનારા | **આઈગરાણં** |
| ૪. માઠી ચિંતવણા કરી હોય | **દુવ્વિચિંતિઓ** |
| ૫. આપની | **તુબ્ભેહિં** |
| ૬. દાન આપી અહંકાર કર્યો હોય | **મચ્છરિયાએ** |
| ૭. આપની સંયમયાત્રા સુખરૂપ છે | **જત્તા ભે** |
| ૮. ચક્કર આવવાથી | **ભમલીએ** |
| ૯. વનના ઝાડો કાપવાના કાર્યો કરવા | **વણ કમ્મે** |

૧૦. અવગ્રહમાં આવવાની **મિઉગ્ગહં**
૧૧. ચોરને મદદકરી હોય **તક્કરપ્પઓગે**
૧૨. પાખંડીના મતનો પરિચય કર્યો હોય **પરપાસંડ સંથવો**

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. સામાયિકમાં શેનો ત્યાગ કરવામાં આવે છે?
**જ. સાવદ્યયોગનો.**
૨. ચઉમ્માસિય પ્રતિક્રમણ એટલે શું? તે ક્યારે કરાય છે?
**જ. ૪ મહિનામાં લાગેલા પાપોની આલોચના કરવા માટે પૂર્ણિમાના દિવસે સાંજે કરાય છે. કારતક પૂર્ણિમા, ફાગણ પૂર્ણિમા, અષાઢ પૂર્ણિમા.**
૩. પ્રાયશ્ચિત્ત એટલે શું?
**જ. જેનાથી પાપનો નાશ થાય અથવા ચિત્ત અને વ્રતની વિશુદ્ધિ થાય.**
૪. ગુણવ્રત એટલે શું? ક્યા ક્યા?
**જ. જે અણુવ્રતોના ગુણોમાં વધારો કરનાર છે. દિશા પરિમાણ વ્રત, ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત, અનર્થદંડ વિરમણ વ્રત.**
૫. ઈચ્છામિણં ભંતે ! પાઠમાં શેની આજ્ઞા લેવામાં આવે છે?
**જ. પ્રતિક્રમણ કરવાની અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં લાગેલા અતિચારોનું ચિંતન કરવા માટે કાઉસ્સગ્ગ કરવાની.**
૬. શ્રાવકધર્મમાં લાગેલ અતિચારોનું મિચ્છામિ દુક્કડં ક્યા પાઠથી દેવામાં આવે છે?
**જ. ઈચ્છામિ ઠામિના પાઠથી.**
૭. આત્માને લાગેલો કચરો કેવી રીતે દૂર કરી શકાય?
**જ. રોજ બે વખત પ્રતિક્રમણ કરીને પાપ ધોવાથી .**

(૨૫)

**પ્ર.૨ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. સાધારણ વનસ્પતિ એટલે શું? તેનું આયુષ્ય કેટલું?
**જ. જે વનસ્પતિના એક શરીરે અનંતા જીવ હોય. જ. અંતર્મુહૂર્ત ઉ. અંતર્મુહૂર્ત.**
૨. ગર્ભજ મનુષ્યના ભેદ કેટલા? ક્યા ક્યા?
**જ. ૨૦૨. ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપના એ ૧૦૧ મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી.**
૩. નરકના ગોત્ર કેટલા છે? ક્યા ક્યા? તેની સ્થિતિ લખો.
**જ. સાત. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમસ્પ્રભા, તમઃતમસ્પ્રભા. જ. ૧૦૦૦૦ વર્ષ ઉ. ૩૩ સગરોપમ.**
૪. અપ્કાયની દયા કેવી રીતે પાળશું?
**જ. વરસાદમાં નહાવું નહિ, હોળી–ધૂળેટી રમવી નહિ તથા કાચા પાણી ભરેલા ફુગ્ગા ફોડવા નહિ, પર્વતિથિએ નાહવાના પાણીની મર્યાદા કરવી, અણગણ કે કાચું પાણી પીવું નહિ, નદી–તળાવ–તરણહોજમાં નહાવું નહિ.**
૫. કર્મબંધના કારણ કેટલા છે? હું કર્મનો ભોક્તા શા માટે?
**જ. રાગ અને દ્વેષ. મારા બાંધેલા કર્મો મારે એકલાએ જ સુખ અને દુઃખરૂપે ભોગવવા પડે છે.**
૬. તેઉકાયનું આયુષ્ય, કુળ, વર્ણ, આકાર લખો.
**જ. જ. અંતર્મુહૂર્ત ઉ. ૩ અહોરાત્રિ. ૩ લાખ ક્રોડ, લાલ, સોયના ભારા.**
૭. કંદમૂળ ખાનાર ક્યાં જાય? કેવું દુઃખ ભોગવે?
**જ. ભવિષ્યમાં કંદમૂળમાં જન્મીને અનંતકાળ રહેવું પડે છે. ત્યાં વારંવાર છેદાય, ભેદાય, વિંધાય, શેકાય, તળાય અને વારંવાર કંદમૂળમાં જન્મમરણ થાય.**

૮. ધાર્મિક પર્વોમાં શું કરવું જોઈએ? શા માટે?

**જ. આરંભ, પરિગ્રહ, મોજશોખ ઘટાડીને તપ, ત્યાગ, જ્ઞાન–ધ્યાનની આરાધના કરવી જોઈએ કારણ કે પ્રાયઃ કરીને તિથિના દિવસે મનુષ્ય, તિર્યંચના જીવોના પરભવના આયુષ્યનો બંધ પડે છે.**

**(ખ) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. પ્રત્યેક વનસ્પતિ | ૧. કબૂતર | **૪. શેરડી** |
| ૨. બેઈન્દ્રિય | ૨. પતંગ | **પ. અળસિયા** |
| ૩. ખેચર | ૩. અંજના | **૧. કબૂતર** |
| ૪. ચૌરેન્દ્રિય | ૪. શેરડી | **૨. પતંગ** |
| પ. પૃથ્વીકાય | પ. અળસિયા | **૬. સ્ફટિક** |
| ૬. નરક | ૬. સ્ફટિક | **૩. અંજના** |

**(ગ) ખાલી જગ્યા પૂરો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. જીવના મુખ્ય બે વિભાગ છે ...... અને ...... | **ત્રસ, સ્થાવર** |
| ૨. ....... નર સદા સુખી. | **સંતોષી** |
| ૩. ....... રાખી હું ....... નો નાશ કરીશ. | **સરળતા, માયા** |
| ૪. મહાવીર જન્મ કલ્યાણક ....... દિવસે આવે છે. | **ચૈત્ર સુદ તેરસ** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. દીક્ષા લઈને ભગવાન નેમિનાથ કેવું જીવન જીવે છે?

**જ. રૈવતક પર્વત પર તેઓ ચાલ્યા જાય છે, ઉઘાડા પગે ચાલે છે, લૂખું–સૂકું ગોચરીમાં જે ભોજન મળે તેનાથી ચલાવે છે. જગતના સર્વ જીવોને પોતાના આત્મા સમાન ગણે છે, સત્ય બોલે છે, બ્રહ્મચર્ય પાળે છે, ધ્યાનમાં લીન રહે છે.**

૨. ગજસુકુમાલની વેદનાનું વર્ણન કરો.

**જ. ગજસુકુમાલ મુનિની શરીરમાં અસહ્ય મહાવેદના ઉત્પન્ન થઈ. તે વેદના અત્યંત દુઃખમય, ભયંકર અને અસહ્ય હતી. ચામડી તડતડ તૂટી અને ખોપરી ફાટી, વેદનાનો પાર ન રહ્યો.**

૩. આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું હતું? તેમણે કેટલા વર્ષ શ્રાવકધર્મની આરાધના કરી? તેઓ ક્યાં ઉત્પન્ન થયા?

**જ. લવણસમુદ્રમાં ૫૦૦ યોજન, નીચે પહેલી નરકના લોલુપ્યાચુત નરકાવાસ. ૨૦ વર્ષ. પહેલા દેવલોકમાં.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. આનંદ શ્રાવક સાચું બોલે છે, માટે તમે તેમની પાસે જઈને માફી માંગી લો.

**જ. ભગવાન મહાવીર ગૌતમ સ્વામીને કહે છે.**

૨. આ સર્વ પશુ–પક્ષીઓને શા માટે અહીં લાવવામાં આવ્યા છે?

**જ. નેમકુમાર સારથિને કહે છે.**

૩. મારા વેરનો બદલો લઉં.

**જ. સોમિલ મનમાં વિચારે છે.**

૪. આત્મધ્યાનમાં લીન રહેવા માટે હું આપને આજ્ઞા આપું છું.

**જ. નેમિનાથ ભગવાન ગજસુકુમાલને કહે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. ત્રણ જગતના ........ ખાલી કરું. | **પાના નં. ૮૮ કડી ૨** |
| ૨. મેં મુખને ......... થઈ ચૂક્યો ઘણું. | **પાના નં. ૮૯ કડી ૧૦** |
| ૩. અમૃત ઝરે ......... હાર્યો હવે. | **પાના નં. ૮૯ કડી ૭** |
| ૪. માર્ગ ભૂલેલા ......... ગીતો એ ગાવે. | **પાના નં. ૯૦ કડી ૪/૫** |
| ૫. હિંસા દુઃખની ......... સખાયો થાય. | **પાના નં. ૯૦ કડી ૨/૩** |